Phones:
220228/230068 / 224468
MO: 9428518890/9624630068
E-mail : dptco123@gmail.com
Website : http://dpthakker.com/

D.P.THAKKER & CO.
D.P.THAKKER & BROS.
TAX ADVOCATES
SHREE KUNJ, STATION ROAD,
PATAN (N.G.)

---

તા. ૧૭-૦૧-૨૦૨૪

ભાઈશ્રી,

ચાલુ નાણાકીય વર્ષ F.Y. ૨૦૨૩-૨૪ તા. ૩૧-૦૩-૨૦૨૪ નાં રોજ પૂરું થાય છે. ત્યારે ઈન્કમટેક્ષ કાયદામાં ચાલુ વર્ષ થી કરવામાં આવેલ એક અગત્યના સુધારાની માહીતી નીચે મુજબ છે.

(૧) MSMED ACT એટલેકે માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈજીસ ડેવલોપમેન્ટ એક્ટ-૨૦૦૬ હેઠળ રજિસ્ટર્ડ થયેલા માઈક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઈઝ કે જેઓ માલનું ઉત્પાદન કરતા હોય કે કોઈપણ પ્રકારની સર્વિસ આપતા હોય તેવા વેપારીઓ પાસેથી કરેલ ખરીદી કે મેળવેલ સર્વિસ નાં બીલ નું પેમેન્ટ MSMED કાયદા ની જોગવાઈઓ મુજબ સમયસર કરવું ફરજીયાત કરેલ છે.

(૨) MSMED કાયદા મુજબ આવી ખરીદી કે સર્વિસ MSMED કાયદા હેઠળ રજિસ્ટર્ડ થયેલ માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈજીસ (વેપારીઓ) પાસેથી કરેલ હોય તો તેનુ પેમેન્ટ ૧૫ દિવસ માં કરવું પડે. જો આવી પાર્ટી સાથે લેખીત એગ્રીમેન્ટ કરેલ હોય તો વધુમાં વધુ ૪૫ દિવસ માં પેમેન્ટ આપવું પડે. જો આવું પેમેન્ટ આ સમય મર્યાદામાં કરવામાં ન આવે તો તે ચાલુ વર્ષની આવકમાંથી ખર્ચ તરીકે બાદ નહી મલે પરંતુ વર્ષ દરમ્યાન કરેલ આવી ખરીદી કે મેળવેલ સર્વિસ નું પેમેન્ટ વર્ષ દરમ્યાન જ કરી દેવામાં આવેલ હોય તો ચાલુ વર્ષના ખર્ચ તરીકે બાદ મળશે.

(૩) આ કાયદા મુજબ વર્ષના **અંતિમ દિવસો માં એટલે કે માર્ચ એન્ડ માં આવા વેપારીઓ પાસેથી માલની** જે ખરીદી કરેલ હોય કે કોઈ સર્વિસ મેળવેલ હોય તો પણ **તેનું પેમેન્ટ** ખરીદ તારીખ થી / મેળવેલ સર્વિસના બીલ ની તારીખ થી ૧૫ દિવસ કે લેખિત એગ્રીમેન્ટ હોય તો વધુમાં વધુ ૪૫ દિવસ માં કરી દેવું ફરજીયાત છે. નહીંતર આ ખર્ચ ચાલુ વર્ષમાં બાદ નહી મળે તેના બદલે પછી ના વર્ષમાં પેમેન્ટ આપ્યું હોય તે વર્ષમાં બાદ મલશે.

ઉદાહરણ (૧) તમે MSMED કાયદા હેઠળ રજિસ્ટર્ડ થયેલ કોઈ વેપારી પાસેથી કોઈ માલની ખરીદી કે કોઈ સર્વિસ મેળવેલ છે. જેનું બિલ તા. ૧૭-૦૩-૨૦૨૪ નું રૂ. ૧૦ લાખનું છે. તો તેનું પેમેન્ટ ૧૫ દિવસમાં એટલેકે તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં આપવું પડે અથવા તો જો લેખીત એગ્રીમેન્ટ કરીને પેમેન્ટ ની તારીખ ૪૫ દિવસ નક્કી કરી હોય તો ૪૫ દિવસ માં આપવું પડે. જો ત્યાર બાદ પેમેન્ટ કરવામાં આવે (F.Y. ૨૪-૨૫ માં) તો આ રૂ. ૧૦ લાખ F.Y. ૨૦૨૩-૨૪ ની આવક માંથી બાદ નહીં મળે. પરંતુ F.Y. ૨૦૨૪-૨૫ ની આવક માંથી બાદ મળશે. એટલેકે F.Y. ૨૦૨૩-૨૪ નાં વર્ષ માં જે નેટ નફો હશે તેમાં રૂ. ૧૦ લાખ ઉમેરીને ઈન્કમટેક્ષ ભરવો પડશે. અને પછીના વર્ષમાં જે નેટ નફો હશે તેમાં રૂ. ૧૦ લાખ બાદ મળશે.

Phones:
220228/230068 / 224468
MO: 9428518890/9624630068
E-mail : dptco123@gmail.com
Website : http://dpthakker.com/

D.P.THAKKER & CO.
D.P.THAKKER & BROS.
TAX ADVOCATES
SHREE KUNJ, STATION ROAD,
PATAN (N.G.)

ઉદાહરણ (૨) **MSMED કાયદા હેઠળ રજિસ્ટર્ડ કોઈ એડવોકેટ કે C.A. કે એન્જીનીયર કે અન્ય કોઈ કન્સલ્ટન્ટ ની ફી નું બીલ કે** કલીનીંગ ચાર્જીસનું બીલ તારીખ ૧૭-૦૩-૨૦૨૪ પહેલાની તારીખ નું વર્ષ દરમ્યાન આવેલ હોય તો તેનું પેમેન્ટ તારીખ ૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં કરી દેવું પડે. જો આવું બીલ ૧૭-૦૩-૨૦૨૪ નું હોય તો તેનું પેમેન્ટ ઉપર ઉદાહરણ-(૧) માં લખ્યા મુજબ કરવું પડે. તેવીજ રીતે જો આવું બીલ તારીખ ૩૧-૦૩-૨૦૨૪ ની તારીખનું હોય તો તેનું પેમેન્ટ તારીખ ૧૪-૦૪-૨૦૨૪ સુધીમાં એટલેકે ૧૫ દિવસમાં આપી દેવું પડે. જો આવું પેમેન્ટ તારીખ ૧૫-૦૪-૨૦૨૪ કે તે પછીની તારીખ માં કરવામાં આવે તો તે F.Y. ૨૦૨૩-૨૪ માં ખર્ચ તરીકે બાદ મળશે નહીં. ભલે તેનો હવાલો F.Y. ૨૦૨૩-૨૪ માં નાંખવામાં આવેલો હોય. જો પેમેન્ટ ની શરત લેખીત એગ્રીમેન્ટન ધ્વારા ૪૫ દિવસ કરવામાં આવેલ હોય તો ૪૫ દિવસમાં પેમેન્ટ આપવું પડે.

(૪) એટલે કોઈ વેચનાર **વેપારી કે સર્વિસ આપનાર જો MSMED** કાયદા હેઠળ નોંધાયેલ હોય તો તેમને તેમના બીલ માં તેમનો **MSMED નો રજીસ્ટ્રેશન નંબર લખવો જોઈએ પરંતુ સામાન્ય રીતે કોઈ વેપારી તેમના બીલ માં આવો નંબર લખતા નથી એટલે** ખરીદી કરનારે કે સર્વિસ – મેળવનારે વેચનાર વેપારીને / સર્વિસ આપનારને તે અંગે પૂછી લેવું અને સમયસર પેમેન્ટ આપવું જરૂરી છે.

(૫) ઈન્કમટેક્ષ નો ઓડીટ રીપોર્ટ જે FORM 3CD માં આપવામાં આવે છે. તેમાં પણ ઓડીટરે MSMED કાયદા હેઠળ રજિસ્ટર્ડ થયેલ વેપારીઓ પાસેથી કરેલ ખરીદી કે મેળવેલ સર્વિસ નું પેમેન્ટ સમયસર આપેલ છે કે કેમ તે સર્ટીફાય કરવાનું છે. અને જો કોઈ પેમેન્ટ લેટ આપેલ હોય તો તેની પણ વિગત આપવાની છે. એટલે ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ ને આવું પેમેન્ટ લેટ કરેલ હશે તો તેની તરત ખબર પડી જશે. **એટલે સમયસર પેમેન્ટ** આપવું ખુબજ જરૂરી છે.

(૬) આ કાયદો **MSMED કાયદા હેઠળ નોધાયેલા એન્ટરપ્રાઈઝ** (ઉત્પાદક વેપારી કે સર્વિસ પ્રોવાઈડર ) ને ધંધા માં સમયસર પેમેન્ટ મળી રહે અને તેને વર્કીંગ કેપીટલ ની **શોર્ટેજ** ન પડે તે હેતુથી કરવામાં આવેલ છે. પરંતુ હકીકતમાં જે **વેપારીઓ સમયસર પેમેન્ટ** ન કરે તેમને ઈન્કમટેક્ષ ભરવાની મોટી જવાબદારી ઉભી થાય છે. એટલે જે તે વેપારી મંડળો એ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ તથા આવા અન્ય જિલ્લા કક્ષાના, રાજ્ય કક્ષાના કે નેશનલ લેવલના એસોસિએશન ધ્વારા ફાયનાન્સ મિનિસ્ટર ને આ જોગવાઈમાં ફેરફાર કરવા માટે તાત્કાલીક રજૂઆત કરવી જોઈએ.

કુશળ હશો.

લી.

ધીરુભાઈ – કનુભાઈ

પિયુષભાઈ – નિખિલભાઈ